# પ્રાંતિજમાં બે જુથ વચ્ચે અથડામણ

**છેડતી અને બાઇક હટાવવાને લઇને છેલ્લાં પાંચ દિવસથી તુ...તુ...મે...બાદ પથ્થરમારાની ઘટના બને છે : પ્રાંતિજ પોલીસે ૨૫ વિરૂધ્ધ ગુનો નોધી બે ની અટકાયત કરી**

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બે જુથ વચ્ચે અથડામણ થઈ સામ સામે પત્થરબાજી થતાં પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી અને જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ૨૫ વિરૂધ્ધ ગુનો નોંધી બેની અટકાય કરી હતી.

પ્રાંતિજ ભોઈવાસ અને પઠાણવાડા ખાતે પાંચ દિવસ અગાઉ યુવતીની છેડતીને લઈને બે જુથ વચ્ચે બોલાચાલી પથ્થરબાજી થઈ હતી. એક બીજાને માર મારવાની ફરીયાદ પણ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં મોડી સાંજે થઈ હતી. ગઈરાત્રીએ ઈકો કાર અને બાઈક સવાર વચ્ચે બાઈક હટાવવાના મુદે તુ...તુ...મે...મે બાદ ફરી બે જુથ વચ્ચે બોલાચાલી બાદ મોટોવાસ અને બારોટ વિસ્તારમાં પત્થરમારો થયો હતો અને પ્રાંતિજ પોલિસ ઘટનાસ્થળે જઈને મામલો થાળે પાડ્યો હતો. જ્યારે આજે ફરી રાત્રીના બે કોમ વચ્ચે એકબીજા ઉપર પત્થરમારો થતાં પ્રાંતિજ પોલિસને સમાચાર મળતાં પ્રાંતિજ પી.આઈ કે.બી. પટેલ, પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજ્જર અન્ય પીએસાઈ સહિત પ્રાંતિજ પોલિસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ગેરકાયદેસર મંડળીઓ બનાવી સામસામે બંને કોમના માણસોએ એક સંપથી એક બીજા ઉપર ઉશ્કેરાઈ એક સામા પક્ષને દબાવી દેવાનો પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ સામ સામા પક્ષના ઘરો તરફ છુટા પથ્થરો ફેંકી સામસામા પક્ષને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેર નામાનો જાહેરમાં ભંગ કરતાં પ્રાંતિજ પોલિસ હેડકોન્સ્ટેબલ હરીચંદ્ર હિંમતસિંહની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલિસ દ્વારા ૨૫ વિરૂધ્ધ ગુનોનોધી સંદીપ કાલીદાસ ભોઈ, સલીમમીયાં ઉસ્માનમીયાં પઠાણ બે ની અટકાયત કરી છે અને કનુભાઈ પોપટભાઈ ભોઈ, દીપક રાજુભાઈ ભોઈ, પીન્ટુ અંબાલાલ ભોઈ, કીરણ અંબાલાલ ભોઈ, બાબુભાઈ શાન્તીલાલ ભોઈ, પોપટભાઈ શાન્તિલાલ ભોઈ, મનુભાઈ કરશનભાઈ ભોઈ, અસાભાઈ ભોઈ તમામ રહે ભોઈવાસ તથા હિતેન ઉર્ફે હિતેશ લક્ષ્મણભાઈ ઉર્ફે કાલુભાઈ સીંધી, અજય ઉર્ફે અજ્જુ લક્ષ્મણભાઈ ઉર્ફે કાલુભાઈ સીંધી રહે. પ્રાંતિજ સોહીલ યાસનમીયાં ભટ્ટી, શફીમીયાં ભટ્ટી ઈમરાનમીયાં ઉર્ફે જાની કમરૂ મીયાં કુરેશી, ઈરફાનમીયાં ઉષ્માનમીયાં ભટ્ટી, રઈસમીયાં ઉર્ફે બુટ્ટી સબામીયાં ભટ્ટી, બાબુમીયાં વીજાપુરવાલા, ફારૂક ઈસ્માઈલમીયાં કલાઈ, ઈમરાન મીયાં ઉર્ફે હનીફ ઉસ્માન મીયાં ભટ્ટી, તાલીબમીયાં યાસીનમીયાં ભટ્ટી, યુનુસ ઉર્ફે ઈલુ યુનુસમીયાં શેખ (વિજાપુરવાલા) અજહરમીયાં કમરૂમીયાં કુરેશી, મહમદલતીફ યુનુસમીયાં શેખ, તાલીબ યાસીનમીયાં શેખ તમામ રહે. ભટ્ટીવાડા પ્રાંતિજ વિરૂધ્ધ ગુનો નોધી પ્રાંતિજ પોલિસે દ્વારા આગળની તપાસ હાથ ધરી છે અને ભટ્ટીવાસ, ભોઈવાસ ખાતે હાલ પોલિસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



તસવીર : સંજય રાવલ



તસવીર : મગનજી વણઝારા

મુખ્યપ્રધાને આપેલા મહેસુલ વિભાગમાં ભ્રષ્ટ્રાચારના નિવેદનને લઈ હિંમતનગરમાં શુક્રવારે ગુજરાત રેવન્યુ કર્મચારી મંડળના પ્રમુખ દેવેશભાઈ પટેલ સહીત મહેસુલી કર્મચારીઓ સાથે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો હતો.

## મોડાસા-અણીયોર રોડ પર સાગવા નજીક કારમાં શોર્ટ સર્કીટથી આગ

મોડાસા, તા. ૨૮

મોડાસા-અણીયોર રોડ પર આવેલા સાગવા ગામ નજીકથી પસાર થતી ઈન્ડિકા કારમાંથી એકાએક આગના લપકારા બહાર આવતા કારમાં સવાર કાર ચાલક સહીત ૩ લોકો સમય સુચકતા વાપરી નીચે ઉતરી જતા સદનસીબે જાનહાની ટળી હતી. કારમાં લાગેલી આગ થોડાકજ સેકંડોમાં ભયાવહ સ્વરૂપ ધારણ કરતા ભારે અફડાતફડી મચી હતી. કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના રહીશો ઘટનાસ્થળે દોડી આવી કારમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આગ લાગતા રોડ પરથી પસાર થતો વાહનવ્યવહાર થોડો સમય થંભી ગયો હતો.





**ખેડબ્રહ્મા મહેસુલી કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કર્યો**

ગુજરાતમાં મહેસુલ ખાતુ સૌથી વધુ બદનામ અને ભ્રષ્ટ ખાતુ હોવાના મુખ્યમંત્રીના વિવાસ્પદ નિવેદનના લીધે કર્મચારીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જેમા ગુજરાત કર્મચારી મંડળ વર્ગ ૩ દ્વારા આ મુદ્દે મુખમંત્રી રદિયો આપે તેવી માંગણી કરવા સાથે આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી છે. જેના અનુસંધાનમાં ખેડબ્રહ્મા તાલુકા સેવા સદન ખાતે ખેડબ્રહ્મા મામલતદારના ૭, નાયબ મામલતદાર, ૪ ક્લાર્ક, ૧૨ રેવન્યુ તલાટી, અને પ્રાંત ઓફિસના ૨ નાયબ મામલતદાર અને ૨ ક્લાર્ક મલી કુલ ૨૭ કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યો હતો.

## ભિલોડામાં પોલીસની લાલ આંખથી બાઈકર્સ ગેંગ ભૂગર્ભમાં

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથકે બાઈકર્સ ગેંગનો ત્રાસ દિન-પ્રતિ-દિન વધતાં પોલીસએ આળસ ખંખેરી નાખતા બાઈકર્સ ગેંગ તો જાણે કે ભુગર્ભમાં ઉતરી ગઈ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, વયોવૃધ્ધોમાં આનંદની લાગણી પ્રસરી છે. પોલીસની સફળ કામગીરીની વાહવાહ થઈ રહી છે. હાઈસ્પીડ ધરાવતી મોઘીદાટ લાખ્ખો રૂપિયાની અવનવી ધુમ સ્ટાઈલની બાઈકોનો વ્યાપ દિન-પ્રતિ-દિન વધતાં બાઈકર્સ ગેંગનો ત્રાસ ભિલોડાના વિવિધ માર્ગો ઉપર ઠેર-ઠેર જોવા મળી રહ્યો હતો. રાહદારીઓ, વિદ્યાર્થીઓ, વયોવૃધ્ધ, વેપારીઓ, મહિલાઓ હેરાન પરેશાન થઈ રહ્યા હતા પરંતુ ટ્રાફીક પોલીસએ આળસ એકાએક ખંખેરીને નાખી દેતાં સાથે જ બાઈકર્સ ગેંગ તો જાણે કે ભુગર્ભમાં ઉતરી ગઈ હોય તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.


ભિલોડામાં શાળા, કોલેજો ખુલવાના સમયે અને છુટવાના સમયે વિદ્યાર્થીઓની અવરજવર જ્યારે વધુ હોય છે ત્યારે બાઈકર્સ ગેંગના લાયસન્સ વિહોણા લબરમુછીયા યુવાનો એક સાથે ચાર-ચાર હાઈસ્પીડ બાઈકો પુરપાટ ઝડપે હંકારતા હતા. હાઈસ્પીડ બાઈકોના ચાલકો ગફલત ભરી રીતે બાઈકો હંકારતાં હંકારતાં ફિલ્મી સ્ટાઈલના અવનવા સ્ટંન્ટ પણ બાઈકો ઉપર કરતા હતા પરંતુ હાલના તબક્કે બાઈકર્સ ગેંગ ક્યાય જોવા મળતી નથી ત્યારે પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો છે. ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ્ય વિસ્તારોમાંથી હજ્જારો લોકો બજારોમાં ખરીદી અર્થે આવતા હોય છે. શાળા, કોલેજોમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હોય છે. બાઈકર્સ ગેંગના ચાલકો વિવિધ માર્ગો ઉપર હરીફાઈમાં ઉતર્યા હોય તેમ ચાર-ચાર બાઈકો સાથે ગ્રૃપમાં લટાર મારવા માટે અને વટ પાડવા માટે નીકળતા હતા પરંતુ ભિલોડા પોલીસ પી.એસ.આઈ. એમ.આર.સંગાડાની રાહબરી હેઠળ ટ્રાફીક પોલીસ કોન્સટેબલ મુકેશભાઈ પ્રજાપતી, ટી.આર.બી. જવાનો, પોલીસ સ્ટાફે બાઈક ધારકોને એન.સી. મેમા અને વાહનો ડીટેઈન કરવાની કામગીરી એકાએક શરૂ કરતાં બાઈકર્સ ગેંગ તો જાણે કે અદ્રશ્ય થઈ ગઈ છે. આર.ટી.ઓ.ના નિતી-નિયમો નેવે મુંકીને વાહન ચલાવવાનું હવે તો ભારે પડ્યું છે. પોલીસ ધ્વારા વધુમાં વધુ કડક રીતે ન્યાયિક કાર્યવાહી હાથ ધરાય તેવી જાગૃત પ્રજાજનો આશા સેવી રહ્યા છે.

## ડીસાની ખાનગી હોસ્પિટલ પર આરોગ્ય તંત્રની ટીમનો દરોડો : તબીબોમાં ફફડાટ

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં આરોગ્યને ફરિયાદોને પગલે ડીસા ખાતે ગત રોજ તાલુકા હેલ્થ ઓફિસરે ખાનગી તબીબની હોસ્પિટલમાં દરોડો પાડી તપાસ હાથ ધરતાં તબીબોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.જાગૃત નાગરિકની ફરિયાદના પગલે આરોગ્ય વિભાગની ટીમ પોલીસ સાથે હોસ્પિટલ પર પહોંચી જઈ દવાઓનો જથ્થો પણ જપ્ત કર્યો હતો.

ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં ડોકટર હાઉસમાં ખાનગી પ્રેક્ટિસ કરતા ડો.હર્ષદ પ્રજાપતિની હોસ્પિટલ પર આરોગ્ય વિભાગની ટીમ ત્રાટકી હતી. કોઈ જાગૃત નાગરિકે ડો.હર્ષદ પ્રજાપતિ દ્વારા સારવારના નામે છેતરપિંડી આચરાતી હોવાની ફરિયાદ કરતાં ડીસા ખાતેનાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. જીગ્નેશ હરિયાણીના નૈતૃત્વ હેઠળ આરોગ્ય વિભાગની



ટીમે ડો.પ્રજાપતિની હોસ્પિટલ પર ધસી જઈ તપાસ હાથ ધરી હતી. પોલીસ સાથે આરોગ્ય વિભાગની ટીમે હોસ્પિટલ પર પહોંચી તબીબના પ્રમાણપત્ર જપ્ત કરી દવાઓના સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જોકે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા જાગૃત નાગરિકની ફરિયાદના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહી બાદ હોસ્પિટલના તબીબે હરિફાઈના લીધે કેટલાક લોકોએ ઈર્ષાભાવથી પ્રેરાઈ તેમની સામે ફરિયાદ નોંધાવી હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાની કોશિશ કરી હતી.

## ધાનેરા તાલુકા વિકાસ અધિકારીના ઘર પર મોડીરાત્રે હુમલો : પાંચ હજારની લૂંટ

**ધાનેરા પોલીસની કામગીરીથી લોકો નારાજ : જિલ્લા પોલીસ વડાની સૂચના બાદ કરી લીધી ફરિયાદ : ધાનેરાની પોલીસ તેનું વલણ નહિ સુધારે તો હું આંદોલન કરીશ : ધાનેરા નગરપાલિકા પ્રમુખ**

ધાનેરામાં તાલુકા વિકાસ અધિકારી પર તલાટી સહિત ચાર શખ્સોએ મોડી રાત્રે હુમલો કરી લૂંટ આચરી હોવાની ઘટના સામે આવી છે જેમાં પોલીસે ચારેય હુમલાખોર શખ્સો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધાનેરામાં તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા મોસમસિંહ રાવ સરકારી કવાટર માં રહે છે જેઓ ગત રાતે પોતાના કવાટર સુતા હતા તે દરમ્યાન અગાઉ જમીન કૌભાંડ માં સંડોવયેલા તલાટી જગદીશ બારોટ સહિત ચાર શખ્સો ગુપ્તી અને પાઈપ જેવા હથિયારો લઈ ઘટમાં ઘૂસી આવ્યા હતા અને જમીન કૌભાંડ ના તપાસ ના કાગળો ક્યાં છે તેમ કહી ટી ડી ઓ મોસમસિંહ ને ધમકાવવા લાગ્યા હતા જો કે ટી ડી ઓ એ આ જમીન કૌભાંડ ની તપાસ કરી કાગળો ઉપલી કચેરીએ મોકલી આપ્યા હતા પરંતુ તલાટી વિરુદ્ધ તપાસ કેમ કરી તેની અદાવત રાખી ઘૂસી આવેલા ચારેય શખ્સો એ ઘરનો તમામ સમાન વેરવિખેર કરી ફાઈલ શોધવા લાગ્યા, તેમ છતાં ફાઈલ ના મળતા ટી ડી ઓ ના પર્સ માંથી ૫૫૬૦ રૂપિયા બળજબરીથી પડાવી લીધા હતા અને તપાસ ના કાગળો પાછા મંગાવી લેજો નહીંતર જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી ગયા હતા , આ ઘટનાની જાણ થતાં ટી ડી ઓ ના ડ્રાઈવર સહિત સંબંધીઓ આવી ગયા હતા અને પોલીસ મથકે ફરિયાદ કરવા પહોંચી ગયા હતા.

વર્ષ ૨૦૧૩ , ૨૦૧૪ માં સમારવાડા પાસે સરકારી જમીન ને ગામ તળ દર્શાવી તેના પ્લોટ પાડી ગેરકાયદેસર રીતે હરાજી કરી દેતા તલાટી સામે ફરિયાદ થઈ હતી જેની તપાસ તાલુકા વિકાસ અધિકારી કરી રહ્યા છે અને તેની અદાવત રાખી આજે હુમલો કરી લૂંટ કરતા તેની સામે ફરિયાદ આપવા ટી ડી ઓ પહોંચ્યા હતા પરંતુ ૬ કલાક સુધી હેરાન કર્યા બાદ પણ ફરિયાદ ના લેતા નગર પાલિકા પ્રમુખ બળવંત રાવ પણ આવી પહોંચ્યા હતા અને જિલ્લા પોલીસ વાળને રજુઆત કરતા બાદમાં ફરિયાદ લેવાઈ હતી.

## સાબરકાંઠાના મહેસુલી કર્મચારીઓએ કાળીપટ્ટી ધારણ કરી વિરોધ દર્શાવ્યો

ગુજરાતના મહેસુલ ખાતા વિરૂદ્ધ મુખ્યમંત્રીએ ભ્રષ્ટ્રાચાર અંગે કરેલા નિવેદનના પગલે મહેસુલ વિભાગના કર્મચારીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે ત્યારે મુખ્યમંત્રીએ તે અંગે રદીયો ન આપતા સાબરકાંઠા જિલ્લાના મહેસુલી કર્મચારીઓએ શુક્રવારે કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી અનોખો વિરોધ દર્શાવ્યો હતો. આ અંગે મહેસુલી કર્મચારી મંડળના સુત્રોમાંથી જણાવાયા મુજબ થોડા સમય અગાઉ ગુજરાતના મુખ્યમંત્રીએ સૌથી વધુ ભ્રષ્ટાચાર મહેસુલ વિભાગમાં થાય છે. તેવા કરેલા નિવેદન બાદ મહેસુલી કર્મચારીઓમાં નારજગી પ્રસરી હતી.જેના વીરોધમાં ગુરૂવારે સાબરકાંઠા જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી આ કર્મચારીઓએ મુખ્યમંત્રીને રદીયો આપવા માટે આશા રાખી હતી.



**ડીસા ખાતે આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ બાળકોને ગરમ સ્વેટરનું વિચરણ**

ડીસામાં કાર્યરત આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો માટે સાધન સહાયનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે આજે આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડીસા શહેરના નેહરૂનગર ટેકરા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાના બાળકોને ગરમ કપડાનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગરીબ પરિવારોમાંથી આવતા આ બાળકોને શિયાળાની કડકડતી ઠંડીમાં રાહત મળી રહે તે માટે આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરમ કપડાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રામરતનભાઈ સોની તથા ગરમ કપડાઓના દાતા હિતેશભાઈ સોની, દેવચંદભાઈ સોની હાજર રહ્યા હતા.

## બેરણામાં મજુરીના પૈસા બાબતે ઝઘડો થતા એકને ઈજા

હિંમતનગર તાલુકાના બેરણા ગામે ત્રણ દિવસ અગાઉ મજુરીના પૈસા ન આપ્યા હોવાનું માનીને એક ઈસમે અન્ય શખ્સ પર પાવડાથી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. બેરણા ગામના મજુરી કામ કરતા પ્રતીકભાઈ બેચરભાઈ રાવળે કરેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગામના અનિલકુમાર મણાજી મકવાણાએ ગત તા. ૨૬ ડિસેમ્બરના રોજ પ્રતીકભાઈને કહ્યું હતું કે તુ કેમ મારી સાથે નોકરી આવતો નથી જેથી પ્રતીકભાઈએ તેની મજુરીના બાકી નીકળતા પૈસાની ઉઘરાણી કરતા અનિલકુમારે મન ફાવે તેમ ગાળો બોલી પ્રતીકભાઈ પર પાવડાથી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.



**ડીસાના ભાચરવા ગામે તાલુકા કક્ષાની શિબિર યોજાઈ**

પશુપાલન ખાતુ, ગુજરાત રાજ્ય તથા પશુપાલન શાખા, જિલ્લા પંચાયત બનાસકાંઠા દ્વારા આયોજિત તાલુકા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન ડીસા તાલુકાના ભાચરવા મુકામે ખુલ્લો મુકવામાં આવ્યો. જેમાં સમગ્ર ભાચરવા ગામ અને આસપાસના ગામોના ૧૦૦થી વધુ પશુપાલકો ઉપસ્થિત રહી વિવિધ તજજ્ઞો દ્વારા પશુપાલન અને પશુઓમાં આવતા રોગો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ વધુને વધુ દૂધનું ઉત્પાદન થાય તે માટેની પણ વિશેષ સમજ અને માહિતી આપવમાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગામલોકો તેમજ ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, મ. પૂર્વ જિલ્લા પ્રમુખ મહેશભાઈ દવે, તાલુકા પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી પંકજ મહિડા સહિત વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહી આ સીબીરને સફળ બનાવી હતી.



પાલનપુરના નારી સંરક્ષણ કેન્દ્રમાં ભાજપ મહિલા મોરચાએ સદભાવના ગૃપના સહયોગથી સ્વેટર વિતરણ કર્યુ હતુ. જેમાં ભાજપની અગ્રણી મહિલાઓ મિતાબેન સોની, જાગૃતિબેન મહેતા, પ્રફુલ્લાબેન પટેલ, ભારતીબેન ઠાકોર, પુષ્પાબેન જાધવ, મદીનાબેન શેખ, કેતકીબેન ઠક્કર, જાગૃતિબેન મોઢ, આશાબેન ચૌધરી, અમીતાબેન ઠક્કર તથા જિલ્લા દહેજ પ્રતિબંધક અને સહ રક્ષણ અધિકારી શ્રીમતિ રમીલાબેન ચાવડા, નારી સંરક્ષણ કેન્દ્ર સુપ્રિટેન્ડેન્ટ સોનલબેન ચૌધરી વગેરેએ ઉત્સાહભેર આ કેન્દ્રમાં રક્ષિત મહિલાઓને સ્વેટર વિતરણ કરી આનંદ અનુભવ્યો હતો.

## ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા મુકામે ભોજન આપવા મીટીંગ યોજાઈ

ખેડવા પીએચસી સેન્ટર ખાતે કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠાના સીધા માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીની દેખરેખ હેઠળ તાલુકા આરોગ્ય અધિકારી ડો આર.ડી. ગોસ્વામીના અધ્યક્ષસ્થાને ખેડવા સબ સેન્ટરની ૪૫ કિલોગ્રામથી ઓછુ વજન ધરાવતી સગર્ભા માતાઓને પૂરક પોષણ આહાર અંતર્ગત નિદર્શન ભોજન અન્વયે ઓછુ વજન ધરાવતી કુલ ૬૯ માતાઓને દૈનિક ભોજન આપવામાં આવશે. સમતોલ આહાર ન લેવાને લીધે ૨.૫ કિલોગ્રામથી ઓછા વજનવાળા બાળકો જન્મે છે અને તેના લીધે બાળમરણ થવાની સંભાવના વધુ રહે છે. બાળમરણ અટકાવવા અને અઢી કિલોથી વધુ વજનવાળા બાળકો અવતરે અને લાંબુ જીવન જીવે તે હેતુસર આગામી ૧લી જાન્યુઆરી ૨૦૧૯ થી ૯૦ દિવસ માટે ભોજન આપવા અંગે મીટીંગ યોજવામાં આવી હતી.